# ૧૨ પરાં, ૧૨ મંદિરો અને ૧૨ શાળાઓથી સમૃદ્ધ હોવાથી સુવિધાઓની દૃષ્ટિએ આગવું ગામ




આધુનિક સુવિધાઓ અને સુવ્યવસ્થિત ગ્રામ વિકાસ માટે પણ સમગ્ર આણંદ જિલ્લામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આશરે ૨૧ હજારથી વધુ વસ્તી ધરાવતું આ ગામ શિક્ષણ, આરોગ્ય, સહકારી પ્રવૃત્તિઓ અને પરિવહન જેવી મૂળભૂત સુવિધાઓના મજબૂત માળખાને કારણે ગ્રામ વિકાસનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે.

પંડોળીની સૌથી નોંધપાત્ર વિશેષતા તેની શૈક્ષણિક વ્યવસ્થા છે. ગામમાં આશરે ૧૨ સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે, જે આણંદ જિલ્લામાં વિરલ ગણાય તેવી બાબત છે. ગામના વિવિધ વિસ્તારોમાં બાળકોને નજીકમાં જ શિક્ષણ મળી રહે તે માટે શાળાઓનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત ગામમાં ૧૭ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, જે બાળ વિકાસ અને પ્રાથમિક શિક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

પંડોળી ગામના ૧૨ પરાં વિસ્તારો તેની સામાજિક રચનાની વિશેષ ઓળખ છે. ગામના દરેક પરાંમાં આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી સ્થાનિકોને રોજિંદા જીવનમાં સરળતા રહે છે. સાથે સાથે ગામમાં આવેલા ૧૨ જેટલા મંદિરો ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાને જીવંત રાખી રહ્યા છે. વર્ષ દરમિયાન યોજાતા વિવિધ ધાર્મિક ઉત્સવો અને સામૂહિક કાર્યક્રમો ગામમાં એકતા અને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

ગામમાં ગ્રામ પંચાયત ઉપરાંત દૂધ મંડળી અને સેવા સહકારી મંડળી જેવી સંસ્થાઓ સક્રિય રીતે કાર્યરત છે. આ સંસ્થાઓ કૃષિ, પશુપાલન અને ગ્રામ વિકાસને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. બેન્કિંગ સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી ગ્રામજનોને નાણાકીય વ્યવહારો માટે શહેરો તરફ જવાની જરૂરિયાત ઓછી રહે છે.

પંડોળીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને હેલ્થ સેન્ટર કાર્યરત હોવાથી ગ્રામજનોને પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવાઓ ગામમાં જ ઉપલબ્ધ બને છે. ઉપરાંત હાઈસ્કૂલ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

ગામમાં રેલવે સ્ટેશનની સુવિધા હોવાથી પરિવહન અને અવરજવરની દૃષ્ટિએ પણ પંડોળી મહત્વનું સ્થાન ધરાવે છે. પંડોળી ગામની એક અનોખી વિશેષતા તેની માર્ગ વ્યવસ્થા છે. ગામના વિવિધ પરાં વિસ્તારોમાંથી નીકળતા રસ્તાઓ મુખ્ય માર્ગ સાથે સુવ્યવસ્થિત રીતે જોડાયેલા છે. પરિણામે ગ્રામજનોને સરળ અને ઝડપી અવરજવર મળી રહે છે.



## પ્રાથમિક સુવિધાઓ સાથે આદર્શ ગામ બનાવવાનું ગ્રામ પંચાયતનું લક્ષ્ય છે




ગામની ઐતિહાસિક ધરોહર અને ધાર્મિક સ્થળોનું જતન થાય તથા આવનારી પેઢીને પંડોળી ગામના ઇતિહાસની જાણકારી મળે તે માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભવિષ્યમાં ગામમાં વધુ સારી રસ્તા, ગટર-ડ્રેનેજ, પાણી, સ્વચ્છતા, શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ ઊભી કરી પંડોળીને વધુ સુવિધાસભર અને આદર્શ ગામ બનાવવાનું અમારું લક્ષ્ય છે. ગામના તમામ નાગરિકો, દાતાશ્રીઓ, એનઆરઆઇ પરિવારો, આગેવાનો અને યુવાનોના સહકારથી પંડોળી વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરશે તેવો અમને વિશ્વાસ છે. **- સરપંચ નિશાબેન અજયભાઈ સોલંકી**



## સંતવિભૂતિ દાદુરામ મહારાજના શિષ્યો તથા ગ્રામજનો ધાર્મિક કાર્યોમાં સહભાગી બને છે

પંડોળી ગામમાં આવેલું દાદુરામ મહારાજનું મંદિર ગામની ધાર્મિક અને આધ્યાત્મિક ઓળખમાં આગવું સ્થાન ધરાવે છે. મંદિર પરિસર વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગો અને તહેવારોની ઉજવણીથી જીવંત બની રહે છે. ખાસ કરીને દાદુરામ મહારાજના સંપ્રદાય સાથે જોડાયેલા શિષ્યો મોટી સંખ્યામાં વાર-તહેવાર તથા ધાર્મિક પ્રસંગોએ અહીં દર્શનાર્થે આવે છે. મંદિરમાં ભક્તો શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના, ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમોમાં જોડાય છે. સંપ્રદાયના અનુયાયીઓ માટે આ સ્થળ માત્ર દર્શનનું સ્થાન નહીં પરંતુ આધ્યાત્મિક શાંતિ અને સદભાવનાની અનુભૂતિ કરાવતું પવિત્ર ધામ છે. વર્ષ દરમિયાન નાના-મોટા ધાર્મિક અને સામાજિક પ્રસંગો પણ મંદિર પરિસરમાં યોજાય છે, જેમાં શિષ્યો તથા ગ્રામજનો ઉત્સાહપૂર્વક સહભાગી બને છે. તહેવારો અને વિશેષ દિવસોમાં મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાય છે. બહારગામથી આવતા શિષ્યો અને સ્થાનિક ભક્તો એકત્ર થઈને પરસ્પર મળવાવળવા સાથે ધાર્મિક પાટોત્સવ જેવી પરંપરાઓને આગળ ધપાવે છે. આ રીતે દાદુરામ મહારાજનું મંદિર પંડોળી ગામની ધાર્મિક આસ્થા, સંસ્કૃતિ અને સામાજિક એકતાનું મહત્વનું કેન્દ્ર બની રહ્યું છે.

# સિદ્ધનાથ મહાદેવ અને વાવવાળી માતાજી ગામની પ્રાચીન ઓળખને આજે પણ જીવંત રાખે છે





પંડોળી ગામ તેની પ્રાચીન ધાર્મિક અને ઐતિહાસિક ધરોહરને અંગે વિશેષ ઓળખ ધરાવે છે. ગામના અનેક આસ્થાસ્થળો અને ઐતિહાસિક સ્મૃતિચિહ્નો ઊભાં થયાં છે, જે આજે પણ પંડોળી ગામના ભવ્ય ભૂતકાળની સાક્ષી પુરે છે. ગામમાં આવેલું આશરે ૭૦૦ વર્ષ જૂનું સિદ્ધનાથ મહાદેવ મંદિર પંડોળીની સૌથી મહત્વપૂર્ણ ધરોહરોમાં ગણાય છે. પ્રાચીન શૈલીમાં નિર્મિત આ મંદિર માત્ર ભક્તિનું કેન્દ્ર જ નહીં, પરંતુ ગામની પૌરાણિક પરંપરા અને ઐતિહાસિક અસ્મિતાનું પ્રતીક માનવામાં આવે છે. શ્રાવણ માસ સહિત વર્ષભર અહીં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે.સિદ્ધનાથ મહાદેવ મંદિર સાથે જોડાયેલી બીજી એક રસપ્રદ ઐતિહાસિક કડી ભુગર્ભ માર્ગ છે. સ્થાનિક માહિતી અનુસાર મંદિર વિસ્તારથી આશરે ત્રણ કિલોમીટર દૂર આવેલા નાર ગામ સુધી ભૂગર્ભ માર્ગ હતો. જોકે સલામતીના કારણોસર હાલ આ માર્ગ બંધ કરાયો છે, છતાં આશરે ૨૦૦ વર્ષ પહેલાં આ માર્ગ કાર્યરત હતો એવી માન્યતા આજે પણ લોકચર્ચામાં જીવંત છે. આ માર્ગનું પ્રવેશદ્વાર પંડોળીમાં આવેલું હોવાનું સ્થાનિકો જણાવે છે, જે ગામની ઐતિહાસિક વિશેષતાને વધુ ગૌરવ આપે છે. ગામની ઉગમણી બાજુએ આવેલું વાવવાળી માતાજીનું આસ્થાધામ પણ પંડોળીની ધાર્મિક ઓળખનું અગત્યનું કેન્દ્ર છે. ગામની સ્થાપનાકાળમાં માર્ગો પર વિચરણ કરતા વણઝારા સમુદાયે અહીં વાવનું નિર્માણ કર્યું અને વહાણવટી શિકોતર માતાજીની સ્થાપના કરી હતી. સમય જતાં આ સ્થળ ‘વાવવાળી માતાજી’ તરીકે પ્રસિદ્ધ બન્યું અને આજે પંડોળી ઉપરાંત આસપાસના વિસ્તારોના શ્રદ્ધાળુઓ માટે પણ આસ્થા અને શ્રદ્ધાનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે. પ્રાચીન મંદિર, ભૂગર્ભ માર્ગ અને વાવવાળી માતાજી જેવા સ્થળો પંડોળીની ઐતિહાસિક ગાથાને જીવંત રાખી ગામના સાંસ્કૃતિક વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનું મહત્વપૂર્ણ કાર્ય કરી રહ્યા છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)

# પંડોળી દુધ મંડળી પશુપાલકો માટે પૂરક રોજગારી માટેનું મહત્વનું કેન્દ્ર

**દરરોજ એક હજાર લીટરથી વધુ દુધ એકત્ર, અમુલ સહયોગથી વીમા સુરક્ષાનો લાભ**

પંડોળી ગામમાં પશુપાલન પ્રવૃત્તિ ગ્રામજનો માટે ખેતી સાથે પૂરક રોજગારીનું મજબૂત સાધન બની રહી છે. ગામના અનેક પરિવારો ખેતી ઉપરાંત દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલા હોવાથી રોજિંદી આવકમાં વધારો થઈ રહ્યો છે. પંડોળી દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં પશુપાલકો દરરોજ નિયમિત રીતે દૂધ જમા કરાવી સ્થિર આવક મેળવી રહ્યા છે.

મંડળી ખાતે રોજના એક હજાર લીટર કરતાં વધુ દૂધનું સંગ્રહ થતું હોવાનું જાણવા મળે છે. ગામમાં દૂધાળા પશુઓમાં ભેંસો અને દેશી ગાયોનું પ્રમાણ વધુ હોવાથી દૂધ ઉત્પાદન સતત જળવાઈ રહ્યું છે. પશુપાલકો વહેલી સવારે અને સાંજના સમયે દૂધ મંડળી ખાતે પહોંચાડી સહકારી વ્યવસ્થામાં સક્રિય ભાગીદારી નોંધાવી રહ્યા છે.

પંડોળી દુધ ઉત્પાદક સહકારી મંડળીનું વહીવટી કામકાજ ૧૧ સભ્યોની વ્યવસ્થાપક કમિટી દ્વારા સંચાલિત કરવામાં આવે છે. પાંચ વર્ષની સમયમર્યાદા માટે ચૂંટાયેલા આ સભ્યો મંડળીના નાણાકીય અને વહીવટી કાર્યોનું સંચાલન કરી રહ્યા છે. ગ્રામજનોમાં સહકારી ભાવના જળવાઈ રહે અને સભ્યોને સમયસર ચુકવણી મળે તે માટે મંડળી દ્વારા નિયમિત કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગામના લોકો માટે ખેતી મુખ્ય આવકનો સ્ત્રોત હોવા છતાં પશુપાલન મહત્વપૂર્ણ પૂરક આવક પૂરી પાડી રહ્યું છે. અનેક પરિવારો દેશી ગાયો અને ભેંસોનું પાલન કરીને દૂધ વેચાણ મારફતે ઘરખર્ચમાં સહાય મેળવી રહ્યા છે.

પંડોળી દુધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા વિશ્વવિખ્યાત અમુલ ડેરીના સહયોગથી સામુહિક અકસ્માત વીમા યોજનાનો લાભ પણ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત દૂધ ભરતા સભાસદનું અકસ્માતમાં અવસાન થાય તો તેમના વારસદારોને રૂ. ૨ લાખથી વધુ વીમા રકમ ચૂકવવામાં આવે છે. આ યોજનાથી પશુપાલકોમાં સુરક્ષાની ભાવના મજબૂત બની છે અને સહકારી પ્રવૃત્તિ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. પંડોળી દુધ મંડળીમાં ચેરમેન તરીકે સુરજબેન જયંતિભાઈ સોલંકી, અને સેક્રેટરી તરીકે દિલીપભાઈ જશભાઈ સોલંકી જવાબદારી સંભાળે છે.